ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### મહારાણા પ્રતાપજીની ૪૮૬મી જન્મજયંતિ નિમિત્તે બોડેલીમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ



**બોડેલી** : રાજપૂત સમાજ ઉત્કર્ષ મંડળ, બોડેલી દ્વારા મહારાણા પ્રતાપજીની ૪૮૬મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં રાજપૂત સમાજના યુવાનો, વડીલો, માતૃશક્તિ તેમજ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. શૌર્ય, સ્વાભિમાન અને રાષ્ટ્રભક્તિના પ્રતિક એવા મહારાણા પ્રતાપજીને યાદ કરી સમાજજનો દ્વારા જયઘોષ સાથે શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. પરંપરાગત વેશભૂષા, ધ્વજ, ઢોલ-નગારાના તાલ અને દેશભક્તિના નાદ સાથે સમગ્ર વાતાવરણ દેશપ્રેમ અને ગૌરવની ભાવનાથી ગુંજી ઉઠ્યું હતું. શોભાયાત્રા રાજપૂત સમાજની વાડીથી પ્રસ્થાન કરી લક્ષ્મી કોટન રોડ, મુખ્ય બજાર અને રામ ચોક સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. માર્ગમાં વિવિધ સ્થળોએ શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ મહારાણા પ્રતાપજીના જીવનમૂલ્યો અને તેમના અદમ્ય શૌર્યને યાદ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે મહારાણા પ્રતાપજીનું જીવન યુવાપેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે.

### ડભોઇ નગર પાલિકા દ્વારા પટેલ વાડી ખાતે "જન કલ્યાણ શિબિર" યોજાઈ



**ડભોઇ** : ડભોઇ નગર પાલિકા દ્વારા સરકાર ની મળેલ સુચના મુજબ આજ રોજ સત્તર ગામ લેઉવા પટેલ સમાજ વાડી ખાતે 'જન કલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ ધારાસભ્યશ શૈલેષભાઈ મહેતા તથા પાલિકા પ્રમુખ પુષ્પાબેન રાવલ ની હાજરી મા કરવામાં આવ્યું.આ જન કલ્યાણ શિબિરમાં સરકારના વિવિધ વિભાગોની તમામ યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા અર્થે આ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ શિબિરમા ચીફ ઓફિસર જયકિશન તડવીના માર્ગદર્શન મુજબ સરકારની વિવિધ યોજનાઓ ની વિવિધ કચેરી સાથે સંકલન કરી આ શિબિર નું આયોજન કરવામાં આવેલ.જેમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની પી.એમ. સ્વનિધિ યોજના,આરોગ્ય વિભાગની આયુષ્યમાન ભારત યોજના, આયુષ્યમાન વયવંદના યોજના, નમોશ્રી યોજના,પી.એમ. જે.એમ.વાય. વગેરે યોજનાનો લાભ આપવામાં આવેલ હતો. આર્થિક સહાય યોજના તેમજ શિક્ષણ વિભાગ ની મુખ્યમંત્રી લક્ષ્મી યોજના અને સરસ્વતી યોજના વગેરે ના લાભ આપવામાં આવેલ હતા. દરેક વિભાગના કર્મચારીઓ હજાર રહી આ શિબિરમા યોજનાનું માર્ગદર્શન તથા લાભ મેળવવા પાત્ર લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા હતા.

### પાદરા સંતરામ મંદિરે નિર્જળા (ભીમા) એકાદશી નિમિત્તે કેરી મનોરથનું આયોજન

**પાદરા** : પાદરા ખાતે આવેલ શ્રી સંતરામ મંદિરમાં તા. 25 જૂન 2026, ગુરુવારના રોજ જયેષ્ઠ માસની પવિત્ર નિર્જળા (ભીમા) એકાદશી નિમિત્તે કેરી મનોરથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવારે 8:00 કલાકે શાલિગ્રામ ભગવાનની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવશે.ત્યારબાદ ભક્તો માટે કેરી મનોરથના દર્શનનો લાભ ઉપલબ્ધ રહેશે. બપોરે 4:00 કલાકે સખી ભજન મંડળ દ્વારા ભજન-કીર્તનનો કાર્યક્રમ યોજાશે, જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાઈ ભક્તિરસનો આનંદ માણશે. કેરી મનોરથના દર્શનનો સમય પણ બપોરે 4:00 કલાકથી રાખવામાં આવ્યો છે. મંદિરના મહંત શ્રી મોહનદાસજી મહારાજના સાનિધ્યમાં યોજાનારા આ ધાર્મિક કાર્યક્રમમાં પાદરા તથા આસપાસના વિસ્તારોના ભાવિકોને ઉપસ્થિત રહી દર્શન અને પૂજનનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. નિર્જળા એકાદશી હિન્દુ ધર્મમાં વિશેષ મહત્વ ધરાવે છે અને આ દિવસે કરવામાં આવતી ઉપાસના તથા સેવા-ભક્તિનું વિશેષ ફળ પ્રાપ્ત થતું હોવાનું માનવામાં આવે છે. તેથી ભક્તોમાં આ કાર્યક્રમને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### બોડેલી સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર હોલ ખાતે 'કારકિર્દી માર્ગદર્શન' કાર્યક્રમ યોજાયો




**બોડેલી** : જિલ્લા વહીવટીતંત્ર છોટાઉદેપુર દ્વારા છેવાડાના આદિવાસી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સર્વાંગી વિકાસ માટે વિશેષ પહેલના ભાગરૂપે બોડેલી સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિર હોલ ખાતે 'કારકિર્દી માર્ગદર્શન શિબિર તથા આત્મવિશ્વાસ વૃદ્ધિ સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિયાળ વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓ સાથે સહજ સંવાદ સાધીને તેમને કારકિર્દીના વિવિધ આધુનિક વિકલ્પોથી માહિતગાર કરવાનો અને વૈશ્વિક સ્પર્ધાત્મક યુગ માટે તૈયાર કરવાનો હતો. આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ગુજરાતના જાણીતા પ્રેરક વક્તા સંજય રાવલે યુવાનોને સંબોધિત કરતા પોતાના પ્રેરણાઝરણા સમાન વિચારો અને જીવનના જીવંત અનુભવો ખૂબ જ મનનીય અને પ્રભાવશાળી શૈલીમાં રજૂ કર્યા હતા. તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો નવો સંચાર કરતા જણાવ્યું હતું કે, જીવનમાં સફળ બનવા માટે સારા પુસ્તકોનું વાંચન સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ અને સારા શિક્ષકો સાથે મિત્રતા ખૂબ જરૂરી છે. ભૌગોલિક પરિસ્થિતિ ગમે તેટલી પડકારજનક હોય, પરંતુ જો મક્કમ મનોબળ અને યોગ્ય દિશામાં સખત મહેનત કરવામાં આવે તો સફળતા ચોક્કસ પ્રાપ્ત થાય છે.

### અંકલેશ્વરમાં બાયો-સીએનજી પ્લાન્ટનું ઉદ્ઘાટન, દર વર્ષે 43,800 ટન કચરાનું થશે રૂપાંતર



**અંકલેશ્વર** : આલ્કમી ક્લીનટેક અને પેરાગોન બાયોફ્યુઅલ્સે અંકલેશ્વરમાં સંયુક્ત રીતે બાયો-સીએનજી પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે. ભારતના સર્ક્યુલર એનર્જી ઇકોનોમીને વેગ આપવાના હેતુથી સ્થાપિત આ પ્લાન્ટ દર વર્ષે 43,800 ટન જૈવિક કચરાનું પ્રક્રિયાકરણ કરીને 2,373 ટન કોમ્પ્રેસ્ડ બાયો-ગેસ (સીબીજી)નું ઉત્પાદન કરશે. આ પ્રોજેક્ટ દ્વારા દર વર્ષે અંદાજે 17,000 ટન કાર્બન ડાયોક્સાઇડના ઉત્સર્જનમાં ઘટાડો થશે, જે 79.5 લાખ લિટર પેટ્રોલની બચત સમાન ગણાય છે. ઉપરાંત, પ્લાન્ટમાંથી 7,300 ટન ઘન અને 27,375 ઘન મીટર પ્રવાહી બાયો-ખાતરનું ઉત્પાદન થશે, જે ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપશે. આલ્કમી ક્લીનટેકના સ્થાપક સુશાંત અરોરાએ જણાવ્યું હતું કે કચરાને મૂલ્યવાન સંસાધનમાં પરિવર્તિત કરીને સ્વચ્છ ઊર્જા અને સમૃદ્ધિ તરફ આગળ વધવાનું આ મહત્વપૂર્ણ પગલું છે. પેરાગોન બાયોફ્યુઅલ્સના મેનેજિંગ ડિરેક્ટર સુસ્મિત ગુપ્તાએ જણાવ્યું હતું કે કંપની આ ક્ષેત્રના વિકાસ માટે રૂ.500 કરોડના રોકાણ માટે પ્રતિબદ્ધ છે. પ્લાન્ટ દ્વારા આશરે 50 લોકોને સીધી અને 150 લોકોને પરોક્ષ રોજગારી મળશે. બંને કંપનીઓ દેશભરમાં વેસ્ટ-ટુ-એનર્જી ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ કરીને રાષ્ટ્રીય સ્તરે સર્ક્યુલર ઊર્જા ઇકોસિસ્ટમ વિકસાવવાના લક્ષ્ય સાથે આગળ વધી રહી છે.

## શિનોરમાં કૌટુંબિક કાકા દ્વારા જ ભત્રીજીની કરપીણ હત્યા





મૃતક બાળકી




હત્યારા કૌટુંબિક કાકા

### દીકરીની માતા સાથે ઝઘડો થતા તેની અદાવત રાખી આરોપીએ બાળકીની હત્યા કરી લાશ કેનાલમાં ફેંકી

(પ્રતિનિધિ) શિનોર, તા.18

શિનોર તાલુકાના એક ગામમાંથી પાંચ વર્ષની બાળકી ગુમ થયાની ઘટના બાદ પોલીસ દ્વારા સતત તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન વણિયાદ ગામ નજીકથી પસાર થતી નર્મદા કેનાલના નાળામાંથી એક કોથળામાં બાંધેલી હાલતમાં બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ મળ્યાની જાણ થતાં શિનોર પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી. સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સ્થળનું નિરીક્ષણ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બાળકીની હત્યા તેના જ કૌટુંબિક કાકાએ કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે તેમજ હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા વધુ પૂછપરછ હાથ ધરી છે. ગુમ થયેલી બાળકીનો મૃતદેહ મળી આવતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો, જ્યારે ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે વડોદરા મોકલી આપ્યો છે. સમગ્ર ઘટનાએ શિનોર પંથકને હચમચાવી દીધું છે. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે અને હત્યા પાછળના તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

## RTI મામલે બોડેલીના આચાર્ય સામે માહિતી આયોગની કાર્યવાહી

**RTI માહિતી** ન આપતા માકણી વિદ્યામંદિરના આચાર્યને રૂા. 10 હજારનો દંડ

(પ્રતિનિધિ) બોડેલી, તા.18

આચાર્ય ની આડોડાઇ જિલ્લા અધિકારી ના પત્ર ની પણ અવગણના કરી આખરે ગાંધીનગર આયોગે કડકાઈ દાખવી માહિતી યોગ્ય સમયે ન આપતા ભારે પડી. છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી તાલુકાની માકણી વિદ્યાલય શાળાની વૈશાલીબેન પિયુષભાઈ પંડ્યા એ શાળા ના આચાર્ય સંજયભાઈ એ પટેલ પાસે શિક્ષિકાએ RTI હેઠળ 1જૂન માસ 2023 થી 9 જૂન 2025 સુધીના વિદ્યામંદિર માકણી દ્વારા દર મહિને માધ્યમિક અને ઉ. માધ્યમિક મોકલવામાં આવેલા પેરોલ.

પ્રમણિત નકલ તથા તેની સાથે પગાર વધઘટનું પ્રમાણિક નકલો તથા સરા સરી નકલો પ્રમાણપત્ર ની પ્રમાનીત નકલો ની હેઠળ માહિતી માગી હતી, પરંતુ શાળાના આચાર્ય જાહેર માહિતી અધિકારીએ કાયદા મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં માહિતી આપી નહોતી. ત્યારબાદ મામલો છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અધિકારી જસવંત સિંહ પાસે પહોંચ્યા બાદ પત્ર લખી માહિત આપવા જણાવ્યું હતું છતા માહિત ન આપતા આ મામલો સમગ્ર ઘટના ગાંધીનગર આયોગે પહોંચ્યાબાદ આયોગે ગંભીરતા દાખવી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર સુધી પહોંચતા આયોગે જવાબદાર શાળા ના આચાર્ય સામે 10,000 નો દંડ ફટકાર્યો હોવાનું સામે આવતા સ્થાનિક સ્તરે ચર્ચા એ જોર પકડ્યું છે.

## દુધવાડા ગામે યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(પ્રતિનિધિ) પાદરા, તા.18

પાદરા તાલુકાના દુધવાડા ગામની સીમમાં રહેતા મધ્યપ્રદેશના એક યુવાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડુ પોલીસ મથકમાં નોંધાયેલા આકસ્મિક મોત મુજબ મધ્યપ્રદેશના શહડોલ જિલ્લાના રહેવાસી નરેન્દ્ર રામપ્રસાદ લોની (ઉ.વ. ૨૩) હાલ દુધવાડા ગામની સીમમાં ભરતભાઈ પટેલની રૂમમાં રહી નોકરી કરતો હતો. તા. ૧૬ જૂનના સાંજના ૭ વાગ્યાથી તા. ૧૭ જૂનના સવારે ૭ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે તેણે રૂમમાં લોખંડની એંગલ સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ અંગે મૃતકના ભાઈ વિકાસ નરેન્દ્ર લોની (ઉ.વ. ૧૮) દ્વારા જાણ કરવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકને તેની ઓળખીતી યુવતી સાથે પ્રેમ સંબંધ હતો અને તે યુવતીના લગ્ન અન્યત્ર થઈ ગયા હતા. મૃતક તે યુવતી સાથે લગ્ન કરવા ઈચ્છતો હતો, પરંતુ યુવતીએ ઈનકાર કરતાં તેને માનસિક આઘાત લાગ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

બનાવની જાણ થતાં વડુ પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને મૃતદેહનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અકસ્મિક મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## ચોમાસામાં ઓરસંગ-મેરીયા બ્રિજ મુદ્દે અનિશ્ચિતતા



(પ્રતિનિધિ) બોડેલી, તા.18

છોટાઉદેપુર જિલ્લામાં ગત ચોમાસા દરમિયાન ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યભરમાં પુલોની સલામતી અંગે ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તેના ભાગરૂપે જિલ્લામાં આવેલા ઓરસંગ અને મેરીયા બ્રિજની પણ તકનિકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બંને બ્રિજની કેટલીક માળખાકીય નબળાઈઓ સામે આવતા ભારધારી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ત્યારબાદ એન.એચ.આઈ. (NHAI) તથા સંબંધિત એજન્સીઓ દ્વારા અનેક વખત સ્થળ નિરીક્ષણ અને તકનિકી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. બંને બ્રિજ પર મરામત અને મજબૂતીકરણની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જોકે હવે ચોમાસાની ઋતુ શરૂ થઈ ગઈ હોવા છતાં હજુ સુધી બંને બ્રિજ ભારધારી વાહનો માટે શરૂ કરવામાં આવ્યા નથી. બ્રિજ બંધ રહેવાના કારણે ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો, વાહનચાલકો તેમજ સ્થાનિક વેપારીઓને લાંબા રૂટનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. જેના કારણે સમય અને ઈંધણનો વધારાનો ખર્ચ પણ સહન કરવો પડી રહ્યો છે.

### ચોમાસાની શરૂઆતમાં જ સીહોદ ડાયવર્ઝન જોખમી બન્યું

## પ્રથમ વરસાદમાં સીહોદનું ડાયવર્ઝન ધોવાયું, ભારે વાહનોની અવરજવર બંધ




(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.18

પાવીજેતપુર પંથકમાં ગાજવીજ સાથે ચોમાસાનો પ્રારંભ થતાં સીહોદ ખાતે બનાવવામાં આવેલા ડાયવર્ઝનમાં ગાબડું પડતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી. ગત રાત્રે પડેલા મુસળધાર વરસાદના કારણે ડાયવર્ઝનનો એક ભાગ ધોવાઈ જતાં સાવચેતીના ભાગરૂપે ભારે વાહનોની અવરજવર પર તાત્કાલિક રોક લગાવવામાં આવી હતી.


પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ભારે વાહનોને રંગલી ચોકડી તરફના વૈકલ્પિક માર્ગ પરથી ડાયવર્ટ કરવામાં આવ્યા હતા, જેના કારણે મુખ્ય માર્ગ પર ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરવો પડ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને નુકસાનગ્રસ્ત ડાયવર્ઝનની મરામત કામગીરી હાથ ધરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે તાત્કાલિક રિપેરિંગ પૂર્ણ કરીને ટૂંક સમયમાં તમામ પ્રકારના વાહનો માટે માર્ગ ફરી શરૂ કરવામાં આવશે.

સ્થાનિકોમાં ચર્ચાનો વિષય એ બન્યો છે કે ગયા વર્ષે લોકોના સહયોગથી બનાવવામાં આવેલું "જનતા ડાયવર્ઝન" હજુ પણ યથાવત સ્થિતિમાં છે, જ્યારે તંત્ર દ્વારા બનાવવામાં આવેલ ડાયવર્ઝન ચોમાસાના પ્રથમ જ વરસાદમાં જોખમી બની ગયું છે. આ ઘટનાને લઈને ડાયવર્ઝનની ગુણવત્તા અને કામગીરી અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

## અગમ્ય કારણોસર પાણેજના યુવકે નર્મદા કેનાલમાં મારી મોતની છલાંગ

**પરિવારને** છેલ્લી વાર વિડિઓ કોલ કરી દુનિયાને કરી અલવિદા



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.18

તાલુકાના વેડપુર પાસે પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં 25 વર્ષીય યુવકે અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી પાણીના વહેણમાં ગુમ થતા ફાયર બ્રિગેડની મદદથી યુવકની શોધખોળ હાથ ધરાઈ છે. વાઘોડિયા માં ભાડે રૂમ રાખી રહેતા બોડેલી તાલુકાના યુવકે આજે બપોરે આશરે બે વાગ્યે વાઘોડિયા પાસેની આર આર કાબેલ કંપનીમાં સેકન્ડ શિફ્ટ માં નોકરી કરવા જવું છું કહી ઘરેથી નીકળેલા યુવકે વેડપુર પાસે પસાર થતી નર્મદા કેનાલ પાસે મોટરસાયકલ શોભાવી પરિવારને મોબાઈલથી વિડીયો કોલ કરી પોતે આત્મહત્યા કરી જીવન ટૂંકાવે છે તેઓ અંતિમ વિડિઓ કોલ કર્યો હતો.જે બાદ પાસેના ગામના પોતાની સાથે નોકરી કરતા એક મિત્રને ફોન કરી કેનાલ પર બોલાવ્યો હતો. અને પોતે જીવન ટૂંકાવે છે તે દ્રશ્યનો સાક્ષી બનાવતો હોય તેમ હકીકત જણાવી હતી.

જો કે મિત્રએ યુવકને અપઘાત કરતા રોકવાની અને સમજવાની કોશિશ કરી હતી, પરંતુ વ્યર્થ સાબિત થઈ હતી.યુવકના માથે કાળ ચોઘડિયું મંડરાતુ હોય તેમ મિત્રને ધક્કો મારી કેનાલ થી દૂર કરી યુવક કેનાલ પરથી નર્મદાના વહેતા પાણીમાં છલાંગ લગાવી દીધી હતી.

## ડિજિટલ-ફર્સ્ટ ઈન્ડિયા માટે ઓટોડેસ્કની નવી પહેલ, વધુ વિકલ્પ મળશે

**વડોદરા:** ઓટોડેસ્કે ભારતમાં તેના 'ઓટોડેસ્ક સ્ટોર'ને સંપૂર્ણ સ્વ-સેવા ખરીદી પ્લેટફોર્મ તરીકે નવી ઓળખ આપી છે. આ પહેલનો હેતુ સ્ટાર્ટઅપ્સ, ફ્રીલાન્સર્સ અને નાના-મધ્યમ ઉદ્યોગો માટે વ્યાવસાયિક ડિઝાઈન અને મેક ટેકનોલોજીને વધુ સુલભ બનાવવાનો છે. કંપનીના જણાવ્યા મુજબ ભારતમાં ઓટોડેસ્કના નવા ગ્રાહકોમાં 50 ટકાથી વધુ હિસ્સો સ્ટાર્ટઅપ્સ અને નવા વ્યવસાયિકોનો છે. નવેસરથી તૈયાર કરાયેલા ડિજિટલ સ્ટોર દ્વારા ગ્રાહકો હવે 60થી વધુ ઉત્પાદનો ખરીદી શકે છે અને UPI, નેટ બેન્કિંગ, ડેબિટ તથા ક્રેડિટ કાર્ડ જેવા વિવિધ ચુકવણી વિકલ્પોનો લાભ મેળવી શકે છે. ઓટોકેડ વેબ માટે માસિક સબ્સ્ક્રિપ્શન માત્ર 1,062થી શરૂ થાય છે, જ્યારે ફ્લેક્સ ટોકન્સ દ્વારા વપરાશ મુજબ ચૂકવણીની સુવિધા પણ ઉપલબ્ધ છે.

## પાદરા ભાજપ મહિલા મોરચાની નવી કારોબારીની જાહેરાત

(પ્રતિનિધિ) પાદરા, તા.18

વડોદરા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ઝોન મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ અને જિલ્લા પ્રભારી ડો. ઋત્વીજભાઈ પટેલ સાથે ચર્ચા-વિચારણા બાદ પાદરા તાલુકા ભાજપ મહિલા મોરચાના નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે. આ તમામ નિમણૂકો તા. 16 જૂન, 2026થી તાત્કાલિક અસરથી અમલમાં આવશે. નવી કારોબારીમાં ઝંખનાબેન પુંડરીકકુમાર પુરોહિતને પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. મહામંત્રી તરીકે સોનલબેન અનિલસિંહ વાઘેલા અને સેજલબેન રાજેશભાઈ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. ઉપપ્રમુખ તરીકે કોમલબેન ધર્મેન્દ્રસિંહ વાઘેલા, જાગૃતિબેન મહેન્દ્રસિંહ ચૌહાણ તથા શર્મિલાબેન ગુલાબસિંહ ઝાલાને સ્થાન આપવામાં આવ્યું છે. મંત્રી તરીકે નિશાબેન ગીરીશભાઈ પટેલ અને વિલાસબેન સચિનભાઈ સોલંકીની નિમણૂંક કરવામાં આવી છે, જ્યારે કોષાધ્યક્ષ તરીકે મિત્તલબેન રાજેશભાઈ ગોહિલને જવાબદારી સોંપવામાં આવી છે. કારોબારી સભ્યો તરીકે માનસીબેન રાજેન્દ્રસિંહ વાંસિયા, અંકિતાબેન હિતેષકુમાર જોષી, મનીષાબેન અજીતસિંહ રાજ, શકુબેન જ્ઞાનચંદ્ર પરમાર, જાગૃતિબેન મહેશભાઈ પટેલ, વિમળાબેન પ્રતાપસિંહ પઢિયાર, કામિનીબેન રાજેશભાઈ કટારીયા, અંજનાબેન દિલીપસિંહ પરમાર, હંસાબેન રમેશભાઈ ગોહિલ, શગુનાબેન જયદેવભાઈ રાજ, સંધ્યાબેન ઠાકોરભાઈ પઢિયાર, દક્ષાબેન રાજેન્દ્રસિંહ વાઘેલા તથા ચેતનાબેન વિક્રમસિંહ પરમારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## સાવલીમાં ગાંજાના છોડ સાથે એક શખ્સ ઝડપાયો



**રૂા. 2.18** લાખના મુદ્દામાલ સાથે એક શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) સાવલી, તા.18

સાવલી પી આઈ કે જે ચૌહાણ ને બાતમી મળેલ કે સાવલી ના આદળવાડા ગામની સીમમાં એક ઈસમ વગર પાસ પરમીટે નશાકારક ગાંજા ના છોડ નું વાવેતર કરી ને છૂટક વેચાણ કરે છે જે અંગે રેડ કરતા શેરસિંહ રજાન ભાઈ ભીલાલા પોતાની માલિકી કબજાના ખેતરમાં બાતમી ના પગલે દરોડો પાડતા વનસ્પતિ જન્ય માદક પદાર્થ લીલા ગાંજા ના છોડ નંગ 5 નું છોડ વજન 3. 825 કી ગ્રામ કિંમત રૂપિયા 1.91 લાખ તેમજ સૂકો ગાંજો વજન 0.543 ગ્રામ કિંમત 27150 રૂપિયા મળી કુલ ગાંજો 4.368 ગ્રામ રૂપિયા 2,18,400 ના મુદ્દામાલ સાથે શેરસિંહ ભીલાલા રહે લોટના વસાહત તા સાવલીની ધરપકડ કરી જેલભેગો કર્યો છે અને જરૂરી કાર્યવાહી કરી કોર્ટ માં રજૂ કરીને 5દિવસ ના રિમાન્ડ ની માંગ કરી હતી પરંતુ નામદાર કોર્ટે શનિવાર સાંજના 5 વાગ્યા સુધી ના રિમાન્ડ મંજૂર કર્યા છે.

## સાધી-સાદડ રોડ પર ટેમ્પો પલટી ખાઈ દુર્ઘટના : કિશોરનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.18

પાદરા તાલુકાના સાધી-સાદડ રોડ પર નવોદય વિદ્યાલય નજીક સર્જાયેલી ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટનામાં 15 વર્ષના કિશોરનું મોત નિપજતા વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પાદરા પોલીસે ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ તા. 17 જૂન 2026ના રોજ બપોરે સાધીથી સાદડ જતા રોડ પર નવોદય વિદ્યાલય આગળ બજાજ મેક્સીમા કાર્ગો CNG ટેમ્પો નો ચાલક કિશનભાઈ અભેસિંગ જાદવ, રહે. સાધી, ટપાલી ફળિયું, પોતાના વાહનને બેદરકારીપૂર્વક અને પુરઝડપે ચલાવી રહ્યો હતો. દરમિયાન સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેમ્પો રોડની બાજુમાં આવેલા વીજ થાંભલા સાથે અથડાયો હતો અને પલટી ખાઈ ગયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ટેમ્પોમાં મુસાફરી કરી રહેલા સચિન સંજયભાઈ સોલંકી (ઉ.વ. 15), રહે. સાદડ ટેમ્પામાંથી ઉછળીને બહાર ફેંકાઈ ગયો હતો. તે દરમિયાન અથડામણથી તૂટી પડેલો વીજ થાંભલો સચિન ઉપર પડતા તેને માથા, કાન તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત સચિનને તાત્કાલિક સારવાર માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર પાદરા ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અકસ્માતમાં ટેમ્પોમાં બેસેલા ચેતનભાઈ વિપુલભાઈ રાઠોડને હાથની આંગળીઓમાં સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જ્યારે ટેમ્પો ચાલક કિશનભાઈ